# <u>નશાબંધી સપ્તાહનો ઉદઘાટન સમારંભ</u>

બીજી ઓક્ટોબર (ગાંધી જયંતી) થી ૮ મી ઓક્ટોબર સુધી ગુજરાત રાજ્યના દરેક જિલ્લા મથકે નશામુક્તિ અર્થે પ્રચાર- પ્રસારના કાર્યક્રમો આયોજીત કરવામાં આવે છે. આ વર્ષે નશાબંધી સપ્તાહના ઉદઘાટનનો કાર્યક્રમ આણંદ કૃષિ યુનિવર્સીટી ખાતે નશાબંધી અને આબકારી વિભાગના સહયોગથી આયોજીત કરવામાં આવ્યો. જેમાં સમારંભના પ્રમુખ ડૉ. એન.સી. પટેલ, કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સીટી, શ્રી એચ.પી. સિસોદિયા, અધિક્ષક, નશાબંધી અને આબકારી, આણંદ, શ્રી એસ.એચ. અકબરી, નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ, આકૃયુ, આણંદ, બ્રહ્માકુમારી શ્રી જ્યોત્સના દીદી, શ્રી એચ. જી. મસાણી, સબ ઇન્સપેક્ટર, નશાબંધી અને આબકારી, આણંદ, આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ ડીનશ્રીઓ તથા સિનીયર પ્રોફેસર્સ તથા વિધાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત વૈષ્ણવ જન તો... પ્રાર્થનાથી કર્યા બાદ ઉપસ્થિત મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો. ડૉ. એસ.એચ. અકબરીએ ઉપસ્થિત તમામનું શાબ્દિક સ્વાગત કર્યું તથા કાર્યક્રમનો પરીચય આપ્યો. શ્રી એચ. પી. સિસોદિયા સાહેબે પોતાના વકતવ્યમાં નશાબંધી પ્રચાર સપ્તાહનો હેતું સ્પષ્ટ કરી જુદા જુદા પ્રકારના નશાકારક દ્રવ્યો વ્યક્તિના જીવનમાં કેવી બરબાદી લાવે છે તે બાબત પર પ્રકાશ પાડ્યો અને વ્યસનોથી થતી આર્થિક અને સામાજીક પાયમાલીનો ચિતાર આપ્યો.

બ્રહ્માકુમારી જ્યોત્સના દીદીએ ધાર્મિક અભિગમ વ્યક્તિને વ્યસનોથી બરબાદ થતાં કેવી રીતે અટકાવી શકે તથા વ્યક્તિ સ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્યતા વિવેકપૂર્વકના ઉપયોગ પર ભાર મુક્યો. યુવાનોએ દિશાસૂચક બની સમાજ માટે પ્રદાન કરવા અપીલ કરી અને વ્યસનના માર્ગથી પાછા વળી જીવન ઘડતરનો માર્ગ પસંદ કરે તે બાબત પર ભાર મુક્યો.

કાર્યક્રમના અધ્યક્ષશ્રી એન.સી. પટેલ સાહેબે પોતાના વકતવ્યમાં નવા ઘડાયેલા નશાબંધી કાયદાની અમલવારીની અગત્યતા સમજાવી તથા ગાંધી જયંતી પ્રસંગે 'તૃષ્ણા' શબ્દની છણાવટ કરતા જણાવ્યું કે યુવાનોમાં વ્યસનોની તૃષ્ણા છે તેનો ત્યાગ કરે તથા યુનિવર્સિટીના તમામ વિધાર્થીઓ જ્ઞાનનું વહન કરે અને સમાજનાં લોકોને વ્યસનમુક્ત કરવા સેમિનાર, પ્રભાતફેરી, શેરી નાટકો કરી યોગદાન આપવા અપીલ કરી ઉપસ્થિત તમામને પરિશ્રમી અને સ્વાશ્રયી બનવા પ્રેરણા આપી.

શ્રી  એચ. જી. મસાણીએ ઉપસ્થિત તમામને નશામુક્ત રહેવા પ્રતિજ્ઞા લેવડાવી તથા તમામને યોગદાન બદલ આભાર માન્યો. ત્યારબાદ, નશાબંધી નીતિ અંગે આયોજીત વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઇ જુદા-જુદા વિષયો પર પોતાના વિચારો સુંદર રીતે રજુ કર્યા. જેમાં ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતી તથા વ્યસનમુક્તિ સપ્તાહના વિષયોને યોગ્ય ન્યાય આપી પોતાના વકતવ્ય આપ્યા. તથા ઉત્સાહપૂર્વક ભાગ લઇ કાર્યક્રમનું વાતાવરણ જીવંત બનાવ્યું. ત્યારબાદ પ્રથમ, દ્વિતિય, તૃતીય વિજેતાઓને ઇનામ તથા ભાગ લેનાર તમામ વિધાર્થીઓને સર્ટીફિકેટ અર્પણ કરવામાં આવ્યા.










પ્રગતિશીલ સરકારનો નિર્ણય

